વરાછાની શીતલ હોટેલની ઘટનાથી પોલ નહીં ખૂલી હોત તો

# 5.5 ટન ગંદો ખોરાક સુરતીઓના પેટમાં જતે

**છ દિવસમાં** 5,546.8 કિલો વાંધાજનક ખાદ્ય સામગ્રીનો નાશ

સુરત : વરાછાની શીતલ હોટેલમાં ગંદકી અને એક્સપાયરી સામાનનો ભંડાફોડ ન થયો હોત તો કદાચ સુરતીઓ આજે પણ ઝેર સમાન ખોરાક જમતા હોત. ફૂડ વિભાગની છેલ્લા છ દિવસની ઝુંબેશમાં શહેરની હોટલ-રેસ્ટોરાં અને ખાણીપીણીની દુકાનોમાંથી કુલ 5,546.8 કિલો અખાદ્ય ખાદ્ય સામગ્રીનો નાશ કરાયો છે. આ આંકડો માત્ર બેદરકારી નહીં, પરંતુ નફાખોરી માટે લોકોના આરોગ્ય સાથે રમાતી નિર્દય રમતનો પુરાવો છે. 18મીએ 1,641 કિલો, 19મીએ 548 કિલો, 20મીએ 1,413 કિલો, 21મીએ 765 કિલો, 22મીએ 415 કિલો અને 23મીએ 762 કિલો અખાદ્ય સામગ્રી ઝડપાઈ હતી. સવાલ એ છે કે આટલો જથ્થો રસોડા સુધી પહોંચ્યો કેવી રીતે? જો ફૂડ વિભાગની ઝુંબેશ ન હોત તો આ હજારો કિલો ખોરાક સીધો સુરતીઓના થાળીમાં પીરસાઈ ગયો હોત. હવે માત્ર કાર્યવાહી નહીં, પરંતુ આવા સંચાલકો સામે કડક ફોજદારી ગુનો નોંધવાનો સમય આવી ગયો છે.

### ક્યારે કેટલો જથ્થો નાશ કરાયો

18 ઓગસ્ટ 1641કિલો
19 ઓગસ્ટ 548 કિલો
20 ઓગસ્ટ 1413 કિલો
21 ઓગસ્ટ 765 કિલો
22 ઓગસ્ટ 415 કિલો
23 ઓગસ્ટ 762 કિલો
6 ઓગસ્ટ કુલ 5546.8 કિલો

## કોટ વિસ્તારમાં રાજા ડેરી, હીરા અને સવેરા હોટલ બંધ કરાવાઇ

**ગંદકી,** અન્ય કારણોસર બંધ કરાવાઇ, 347 સંસ્થામાં ચેકિંગ, 160 કિલો અખાદ્ય સામગ્રીનો નાશ કરાયો



સુરતઃ સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન આરોગ્ય વિભાગ દ્વારા હોટલ, રેસ્ટોરન્ટ, ડેરી સહિતની નાની-મોટી ખાદ્ય સંસ્થાઓમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. સ્કવોડ દ્વારા કુલ 347 સંસ્થાની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ખાદ્ય સામગ્રીની ગુણવત્તા, સ્વચ્છતા તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગ અંગે પણ ચકાસણી કરવામાં આવી હતી. દરમિયાન ગલેમંડી સ્થિત રાજા ડેરી અને બે હોટેલ રેસ્ટેરા બંધ કરાવાતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

આ કામગીરી દરમિયાન વિવિધ સંસ્થાઓમાંથી કુલ 160 કિલો અખાદ્ય સામગ્રીનો નાશ કરવામાં આવ્યો હતો, જ્યારે 56.8 કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યું હતું. નિયમોના ભંગ બદલ કુલ 45 નોટિસ ફટકારવામાં આવી હતી, અને મનપા દ્વારા કુલ રૂ.3,84,300નો વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો હતો. ચેકિંગ દરમિયાન ગંભીર પ્રકારની બેદરકારી જણાતાં સેન્ટ્રલ ઝોન આરોગ્ય વિભાગે ત્રણ સંસ્થા બંધ કરાવી હતી. જેમાં સલાબતપુરામાં રતન સિનેમા પાસે આવેલી હીરા હોટલ, મહિધરપુરાના ગલેમંડી વિસ્તારમાં આવેલી રાજા ડેરી અને સ્ટેશન વિસ્તારમાં આવેલી શહેરાન સવેરા હોટલનો સમાવેશ થાય છે.

### કોટ વિસ્તારમાં વિવિધ કારણોસર બંધ કરાવાયેલી સંસ્થાઓ

હીરા હોટલ, રાજા ડેરી, શહેરાન સવેરા હોટલ, જય અંબે વડાપાંવ, અલકબીર ટી સ્ટોલ, અલનૂર ટી અને નાસ્તા, આરીફ ચિકન, અંબિકા ફરસાણ,અભિષેક પાવભાજી, શંકર ઓમલેટ, બોમ્બે વડાપાંવ, અલી આલુપૂરી

## રસોઇયો જ ચામડીના રોગથી પીડાતો હોવાનું બહાર આવ્યું

**મેડિકલ** ફિટનેસ રજૂ કર્યા બાદ જ કામ પર રાખવા સૂચના

સુરત : શીતલ રેસ્ટોરન્ટમાં 15 ઓગસ્ટે જમ્યા બાદ એક જ પરિવારના સભ્યોની તબિયત ગંભીર રીતે લથડી હતી, જેમાં 4 વર્ષની માસુમ બાળકીનું કરૂણ મોત નિપજ્યું હતું. આ હૃદયદ્રાવક ઘટનાને પગલે સુરત મહાનગરપાલિકાનું આરોગ્ય અને ફૂડ સેફ્ટી વિભાગ ઉંઘમાંથી જાગ્યું છે. પ્રજાના સાર્વજનિક આરોગ્યની સુરક્ષાને



ધ્યાનમાં રાખીને છેલ્લા 6 દિવસથી સમગ્ર શહેરમાં વ્યાપક મેગા ચેકિંગ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. દરમિયાન પાંડેસરાની એક દુકાનમાં ચામડીના રોગથી પીડાતો કારીગર ખાવાનું બનાવતો હોવાનું ધ્યાને આવતા મનપાએ તાબડતોબ તેને કામથી દુર રહેવાનો આદેશ આપ્યો હતો.

અસ્વચ્છતા અને ચેપી રોગ ફેલાવાની શક્યતાને જોતા અધિકારીઓએ તાત્કાલિક ધોરણે આ કારીગરને કામથી દૂર કરાવ્યો હતો. જ્યાં સુધી તે ડોક્ટર પાસે યોગ્ય સારવાર કરાવીને 'મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ' રજૂ ન કરે, ત્યાં સુધી તેને કામ પર ન રાખવા વેપારીને કડક સૂચના આપવામાં આવી છે. આ અંગે સુરત મનપાના આરોગ્ય અધિકારી કેયુર ભટ્ટે જણાવ્યું હતું કે, લોકોના અન્ન અને આરોગ્ય સાથે ચેડાં કરનારા તત્વો સામે કોઈ પણ જાતની ચલાવી લેવામાં નહીં આવે.

### શહેરમાં રવિવારે 189 હોટલ-રેસ્ટોરન્ટ અને ઢાબામાં ચેકિંગ

| ઝોન | ચેક કરેલી હોટલ રેસ્ટોરન્ટ | નોટિસ |
|---|---|---|
| સેન્ટ્રલ | 18 | 07 |
| વરાછા-એ | 13 | 11 |
| વરાછા-બી | 2 | 18 |
| રાંદેર | 21 | 15 |
| કતારગામ | 0 | 24 |
| ઉધના-એ | 14 | 14 |
| ઉધના-બી | 23 | 05 |
| અઠવા | 42 | 07 |
| લિંબાયત | 14 | 09 |
| **કુલ** | **147** | **110** |




## પોલીસ સંચાલિત ૧૫૦ વર્ષ જૂનું ઇચ્છાનાથ મહાદેવ મંદિર

શ્રાવણમાં મહાદેવનો મહિમા

સુરતઃ અઠવાલાઇન્સ વિસ્તારમાં પોલીસ હેડક્વાર્ટર નજીક આવેલું ઇચ્છાનાથ મહાદેવ મંદિર ૧૫૦ વર્ષથી વધુ જૂનું પૌરાણિક શિવાલય છે. ગુજરાતમાં પોલીસ વિભાગ દ્વારા સંપૂર્ણ વહીવટ અને સંચાલન થતું આ અનોખું શિવમંદિર હોવાનું માનવામાં આવે છે. લોકવાયકા મુજબ સાચા હૃદયથી અહીં પ્રાર્થના કરનાર ભક્તની મનોકામના પૂર્ણ થતી હોવાથી મહાદેવને ઇચ્છાનાથ નામ મળ્યું છે. મંદિરમાં દરરોજ વિવિધ ફૂલોથી અદભુત શૃંગાર કરવામાં આવે છે અને શૃંગારની ડિઝાઇનનું પુનરાવર્તન ન થાય તેનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે. ગર્ભગૃહમાં મુખ્ય શિવલિંગની અંદર સૂક્ષ્મ શિવલિંગ પણ દૃશ્યમાન થાય છે. આરતી, પૂજા અને વ્યવસ્થાની પરંપરા પોલીસ વિભાગ દ્વારા જ જાળવવામાં આવે છે. શ્રાવણ અને મહાશિવરાત્રી દરમિયાન પોલીસ જવાનો ભક્તોની સેવા અને વ્યવસ્થા સંભાળે છે.

વિવેક ચારણિયા 'વિવેક ભૂલ્યો'

## ડભોલીરોડની મહિલા તબીબનો રસ્તો રોકી ફોન નંબર માંગ્યો

**એક** વર્ષ પહેલાં છેડતીની અરજીમાં સમાધાન થયા પછી પણ રોમિયોગીરી ચાલુ રાખી

સુરતઃ ડભોલી રોડની હોસ્પિટલમાં નોકરી કરતાં મહિલા તબીબનો પીછો કરી ફોન નંબર માંગનાર યુવાન સામે ચોકબજાર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.

કોઝવે રોડ પર રહેતા અને ડભોલી રોડ પરની એક હોસ્પિટલના ડેન્ટલ વિભાગમાં ડોક્ટર તરીકે નોકરી કરતા નીતાબેન નામ બદલ્યું છે (ઉ.વ.૨૭) સાંજે સાડા આઠ વાગ્યે નોકરી પૂરી કરીને તેઓ હોસ્પિટલની નીચે આવેલ મેડિકલ સ્ટોર પાસે પહોંચ્યા હતા. તે દરમિયાન તેમની જ સોસાયટીના ફ્લેટ નંબર એફ/૧૭માં રહેતો વિવેક કાંતિભાઈ ચારણીયા ત્યાં આવી પહોંચ્યો હતો અને 'મારે તમારી સાથે વાત કરવી છે, તમારો ફોન નંબર આપો' તેમ કહ્યું હતું. જો કે મહિલા તબીબ નંબર આપવાની ના પાડી એકટિવા પર ઘર જવા નીકળી ગયા હતા. તો આ યુવાને બાઈક પર તેમને પીછો કર્યો હતો અને સિંગણપોર તરણકુંડ પાસે રોડ પર વિવેકે પોતાની બાઈક મહિલા ડોક્ટરની એક્ટિવા નજીક લાવીને તેમને અટકાવવાનો પ્રયાસ કર્યો હતો અને 'આ બાબતની જાણ તમારા પિતાને ન કરતા' તેવી ધમકી આપી ત્યાંથી ભાગી છૂટ્યો હતો. વિવેક સામે આશરે એક વર્ષ પહેલા પણ મારામારી અને છેડતી અંગેની અરજી કરવામાં આવી હતી, જેમાં સમાધાન થયું હતું. પોલીસે છેડતીનો ગુનો નોંધી આરોપીની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## ભેસ્તાનમાં ત્રણ યુવક પર ઘાતક હથિયારોથી હુમલો

**પાંચ** દિવસ પહેલાં થયેલા ઝઘડાના સમાધાન માટે બોલાવી ચપ્પુ અને તલવાર સાથે તૂટી પડ્યા

સુરતઃભેસ્તાન વિસ્તારમાં અગાઉ થયેલી નજીવી બોલાચાલીનું સમાધાન કરવાના બહાને બોલાવીને રિક્ષા ચાલક સહિતના યુવકો પર પિતા અને તેના પુત્રો સહિતના એ હુમલો કરી દીધો હતા. ભેસ્તાન ગોલ્ડન આવાસમાં રહેતા અને ઓટો રિક્ષા ચલાવતા ૨૧ વર્ષીય સૌબાન ઈસરાઈલ શાહ ફકીર અને તેના મિત્ર સાબીરને પાંચેક દિવસ પહેલાં બાળકો સાથે બોલાચાલી કરતા અરમાન નામના છોકરાને માર માર્યો હતો. જેને પગલે અરમાનના સંબંધી સમીર રૂસ્તમ સૈયદ સાથે સૌબાન અને સાબીરની ઝપાઝપી થઈ હતી. આ અદાવતનું સમાધાન કરવા અરમાન ઉર્ફે રાજુએ સાબીરના ફોન પર કોલ કરી તેમને રોયલ પાર્ક પાસે આવેલ ભંગારના ડેલા પાસે બોલાવ્યા હતા. સૌબાન, સાબીર અને સમીર શેખ રાત્રે પોણા બારેક વાગ્યે ભંગારના ડેલા પાસે પહોંચ્યા ત્યારે ત્યાં મોહંમદ રૂસ્તમ અને તેના પુત્રો સમીર, સલમાન, સરફરાજ, જાકીર, અરમાન ઉર્ફે રાજુ તેમજ જુનેદ હારૂન શેખ હાજર હતા. સમાધાનની વાતચીત ચાલી રહી હતી તે દરમિયાન અચાનક સમીર રૂસ્તમ સૈયદ ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળાગાળી શરૂ થઈ હતી. જોતજોતામાં આરોપીઓ ડેલામાંથી તલવાર, ચપ્પુ અને લાકડાના ફટકા લઈ આવી હુમલો કરી દીધો હતો. સલમાન સૈયદે તીક્ષ્ણ હથિયાર વડે સૌબાનના માથા અને કપાળના ભાગે ઘા ઝીંકી દીધા હતા, જ્યારે મોહંમદ રૂસ્તમ, અરમાન અને જાકીરે સાબીર પર તલવાર અને ફટકા વડે ઉપરાછપરી ઘા મારી તેને લોહીલુહાણ કરી દીધો હતો. વચ્ચે પડેલા સમીર શેખને પણ ઈજાઓ પહોંચાડી હતી.

## લસકાણામાં મકાનના ધાબે જુગારધામ, મહિલા સહિત ૮ ઝડપાયા

સુરતઃ લસકાણા પોલીસની સર્વેલન્સ ટીમે આશીર્વાદ બંગલોઝ વિભાગ-4 ના મકાન નંબર 135ના ધાબા પર ચાલી રહેલા જુગારધામ પર દરોડો પાડી મહિલા સહિત આઠ જુગારીને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી રૂ.૧.૧૯ લાખ રોકડા, રૂ. ૧.૪૮ લાખની કિંમતના આઠ મોબાઈલ ફોન તથા ગંજી પાનાની કીટ મળી કુલ રૂ.૨.૬૪ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે દરોડામાં રસીલાબેન હરેશભાઈ વેકરીયા, હિતેશભાઈ જયસુખભાઈ હુમ્મર, હરેશભાઈ જેન્તીભાઈ કરગર, મુકેશભાઈ ગોવિંદભાઈ સોલંકી, ગોવિંદભાઈ છનાભાઈ પટોલીયા, અમિતભાઈ રમેશભાઈ પરમાર, મનોજભાઈ શંભુભાઈ રાઠોડ અને રસીકભાઈ હરીભાઈ ગેડીયાની ધરપકડ કરી છે. આ મામલે લસકાણા પોલીસ સ્ટેશનમાં જુગારધારા કલમ-૧૨ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## પાર્લે પોઈન્ટ પર પાઈપલાઈન ફાટતાં વરસાદ વગર રસ્તા પર પાણી ફરી વળ્યા

**અચાનક** પાણીની લાઇન તૂટતા રસ્તા પર ધસમસતો પ્રવાહ ફરી વળ્યો, તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે સમારકામ શરૂ



સુરતઃ શહેરના પોશ ગણાતા પાર્લે પોઈન્ટ વિસ્તારમાં અચાનક અંડરગ્રાઉન્ડ પાઈપલાઈન ફાટવાની ઘટના બની હતી. સવારના સમયે પાર્લે પોઈન્ટ વિસ્તારમાં અશોક પાન પાસે પાઈપલાઈનમાં ભારે દબાણ સર્જાતા તે કોઈ અન્ય કારણોસર અચાનક પાણીની લાઈન તુટી હતી. જેના કારણે રસ્તા પર પાણીનો ધસમસતો પ્રવાહ ફરી વળ્યો હતો. પાણીના ભારે પ્રવાહ અને લિકેજના કારણે રોડનો એક મોટો હિસ્સો ફાટીને બેસી ગયો હતો અને રોડ પર મોટું ગાબડું પડી ગયું હતું.

આ ઘટનાને પગલે મુખ્ય માર્ગ પર વાહનવ્યવહાર ભારે પ્રભાવિત થયો હતો તેમજ આસપાસની સોસાયટીના રહીશો, રાહદારીઓ અને સ્થાનિક દુકાનદારો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. આ ઉપરાંત, લાઈન ક્ષતિગ્રસ્ત થવાના કારણે આજુબાજુના વિસ્તારોમાં પાણી પુરવઠો અને ડ્રેનેજ વ્યવસ્થા પણ આંશિક રીતે ખોરવાઈ ગઈ હતી, જેથી ઘટનાસ્થળે સ્થાનિક લોકોના ટોળાં એકઠા થઈ ગયા હતા.

આ ઘટનાની સુરત મહાનગરપાલિકાના અધિકારીઓને તુરંત જાણ કરવામાં આવી હતી. બાજુમાં ચાલી રહેલા મંડપ બાંધકામના લીધે કે પછી અન્ય કોઈ ટેકનિકલ ખામીના કારણે આ લાઈન તૂટી છે તે દિશામાં તપાસ કરવામાં આવશે. મહાનગરપાલિકાના હાઈડ્રોલિક અને ડ્રેનેજ વિભાગની ટીમો કાફલા સાથે ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. તંત્ર દ્વારા રસ્તા પર પડેલા ગાબડાનું ઝડપથી પૂરાણ કરીને સમારકામ હાથ ધરવામાં આવ્યું હતુ.

## સંક્ષિપ્ત સમાચાર

### નર્મદ જયંતી પર કલરવ 'હું આવું છું' નાટક પ્રસ્તુત કરશે

સુરત : માનવ કલરવ ના ડો વિનોદ શાહ ને ડો નિતિન ગર્ગ એક યાદીમાં જણાવે કે કે નર્મદ જન્મ જયંતિ તા ૨૪/૦૮/૨૦૨૬ ના સોમવારના રોજ ડોક્ટર રઈશ મનીઆરના માર્ગદર્શન અને પ્રસ્તુતિ સાથે નાટ્યદિગ્દર્શક વૈભવ દેસાઈ નાટક 'હું આવું છું' રજૂ કરશે, જેમાં કલાકારોનો કાફલો વિવિધરંગી નૃત્યો સાથે નર્મદના જીવન અને કવનની કલાત્મક ઝાંખી કરાવશે. જેમાં સંગીત મેહુલ સુરતીનું છે અને નર્મદનું પાત્ર મેઘ પંડિત ભજવશે. કાર્યક્રમનમાં ડો દક્ષેશભાઈ ઠાકર પ્રાસંગિક શબ્દપુષ્પ રેલાવશે. આ કાર્યક્રમ સોમવાર ૨૪ ઓગસ્ટ સાંજે ૬.30 કલાકે , રંગ ભવન, જીવન ભારતી સ્કૂલ ખાતે યોજાશે.

### આજે વીર કવિ નર્મદની ૧૯૩મી જન્મ જયંતીની ઉજવણી કરાશે

સુરતઃ વીર કવિ નર્મદની ૧૯૩મી જન્મજયંતી નિમિત્તે ગુજરાતી સાહિત્ય પરિષદ અને નર્મદ સાહિત્ય સભા દ્વારા 'નર્મદ સ્મૃતિ'નો કાર્યક્રમ સોમવાર, તા. ૨૪ ઓગસ્ટની સાંજે છ કલાકે આઝાદ સાંસ્કૃતિક કેન્દ્રમાં ૧૯, સુભાષનગર સોસાયટી, ઘોડદોડ રોડ મુકામે યોજાશે. જેમાં શરીફાબેન વીજળીવાળા, બકુલ ટેલર, ડો. રાકેશ દેસાઈ, કપિલદેવ શુક્લ અને નરેશ કાપડીઆ નર્મદ-ડાહીગૌરી સંવાદની પ્રસ્તુતિ કરશે. આ પ્રસંગે ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ રાજન ભટ્ટની વિશેષ ઉપસ્થિતિ રહેશે.

### 29 ઓગસ્ટથી 7મી પર્યુષણ વ્યાખ્યાનમાળાનો પ્રારંભ

સુરતઃ સતત સાતમાં વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન વિરમતીબેન ફકીરચંદ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું છે. જે અંગે ભદ્રેશ શાહે જણાવ્યું હતુ કે, સુરતમાં પર્યુષણ વ્યાખ્યાનમાળા, આધ્યાત્મિક પ્રવચનોનું ઓનલાઈન આયોજન છેલ્લા સતત સાત વર્ષથી થાય છે. આ વર્ષે તા.૨૯મી ઓગસ્ટ,૨૦૨૬થી, મંગળાચરણ પ.પૂ.આ.ભ.અજીતયશ સુરીશ્વર મ.સા.નાં. માંગલીક પ્રવચનથી, સવારે 7.30 કલાકે લબ્ધિભૂમિ, વેસુથી ઓફલાઈન કરશે, જે ઓનલાઈન પણ તેજ સમયે પ્રસારીત થશે. ત્યારબાદ તરત ૮:30 થી ૯:30 એમનાં શિષ્યરત્ન અને અત્યંત વિદ્વાન ખાસ કરીને સંસ્કૃત- પ્રાકૃતનાં વિદ્વાન પ.પૂ.આ.ભ. સંસ્કારયશ સુરીશ્વર મ.સા. વ્યાખ્યાન ફરમાવશે. અને તે જ દિવસે ઓનલાઇન, રાત્રે ૮:30 થી ૯:30 મુંબઈ શાંતાક્રુઝથી પ.પૂ.પ. ત્રૈલોક્યમંડનજી અને ત્યારબાદ ૯:30 થી ૧૦:30 પ્રખર વિદ્વાન પદ્મશ્રી કુમારપાળ દેસાઈ વ્યાખ્યાન ફરમાવશે. બાકીનાં દિવસો માટેના કાર્યક્રમો રોજ રાત્રે 8.30 થી 9.30 અને 10.30 કલાક દરમિયાન ઝૂમ ઓનલાઈન, બે પ્રવચનો, તા.૨૯મી ઓગસ્ટથી 5 મી સપ્ટેમ્બર સુધી થશે.

### પૂજ્ય ગુરુમૈયા એક આદર્શ અને આલંબન સ્વરૂપ છેઃ શ્રી પદ્મદર્શનસૂરિજી મહારાજ



સુરતઃ શ્રી ગોકુલનગર નજરાણા જૈન સંઘ ભીવંડીના આરાધના ભવનમાં જૈનાચાર્ય પૂ. પદ્મદર્શનસૂરિજી મહારાજની પાવન નિશ્રામાં યુગપ્રધાન આચાર્ય સમ ગુરુમૈયા પંન્યાસપ્રવર ચન્દ્રશેખરવિજયજી મહારાજની જીવનયાત્રાના અનુસંધાનમાં 'સાવજ ગરજે' વિષય ઉપર રવિવારીય વિશિષ્ટ જાહેર પ્રવચન સંગીત સમ્રાટ જતીન બીડના સંગીત સાથે યોજવામાં આવ્યું હતું. સેંકડો શ્રોતાઓનું ઘોડાપુર ઉમટ્યું હતું. આ પાવન અવસરે પૂ. આચાર્યપ્રવર શ્રી પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, અલ્પ સમયની અવધિમાં અનલ્પ કાર્યો કરીને જગતની વચ્ચેથી વિદાય થનારા ગુરુમૈયા એક આદર્શ અને આલંબન સ્વરૂપ છે. જાતને ચંદનની જેમ ઘસી નાંખીને જગતને ઠંડક આપનાર ગુરુમાનું એક વિરલ વ્યક્તિત્વ હતું. આકૃતિનાં પ્રભુ મહાવીરને તો આપણે જોયા નથી પણ પ્રકૃતિનાં પ્રભુવીર એટલે સિંહસત્ત્વનાં સ્વામી પૂ. પંન્યાસપ્રવર શ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજને કહી શકાય.

### માનસિક બીમારીથી કંટાળી મહિલાએ ફાંસો ખાધો

સુરતઃ ઉત્રાણમાં માનસિક બીમારીથી પીડિત મહિલાએ ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મળેલી માહિતી મુજબ, મૂળ ભાવનગરના ગારીયાધાર તાલુકામાં માંડવીલાસ ગામના વતની સંદીપભાઈ ખુંટ હાલમાં ઉત્રાણમાં વીઆઈપી સર્કલ પાસે આવેલ અર્થ રેસીડેન્સીમાં પરિવાર સાથે રહે છે અને એમ્બ્રોઈડરીનું ખાતું ચલાવે છે. તેમના 39 વર્ષીય પત્ની મનીષાબેને શનિવારે બપોરે ઘરમાં છતના પંખા સાથે કપડું બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. પોલીસે કહ્યું હતું કે, મનીષાબેન છેલ્લા દોઢ વર્ષથી માનસિક બીમારીથી પીડાતા હતા.

### સચિન GIDCમાં વૃદ્ધને બાઇકચાલકે અડફેટે લેતાં મોત

સુરતઃ સચિન જીઆઈડીસીમાં નોકરી પરથી ઘરે જતા વૃદ્ધને બાઇક ચાલકે અડફેટે લેતા મોત થયું હતું. મૂળ બિહારના વતની અને હાલમાં સચિન જીઆઇડીસી ખાતે આવેલ તિરુપતિ બાલાજી નગરમાં 55 વર્ષીય હરિભાઈ રઘુનંદન મહંતો શુક્રવારે સાંજે કંપનીમાંથી ચાલતા ઘરે જવા નીકળ્યા હતા. તે વખતે સચિન જીઆઇડીસીના હજીરાથી સચિન તરફ જતા રોડ પર બાઈક ચાલકે તેમને અડફેટે લીધા હતા. જેમાં ઈજા થતાં સારવાર માટે 108 એમ્બ્યુલન્સમાં નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું મોત થયું હતું

## આત્મહત્યા કરે તે પહેલાં પોલીસે યુવકને બચાવી લીધો

**યુવકની** ઇન્ફોસિસ કંપનીમાં નોકરી છૂટી જતાં લોનના હપ્તા ભરવાના ડિપ્રેશનમાં આત્મહત્યા કરવા નિકળ્યો હતો

સુરતઃ અમરોલીના છાપરાભાઠા રોડ પર આવેલી રોયલ રેસિડેન્સીમાં રહેતો ૨૦ વર્ષીય યુવક મકાનની લોનના હપ્તા ભરવાના ટેન્શનમાં આત્મહત્યા કરવાના ઈરાદે ઘરેથી નીકળી ગયો હોવાની જાણ થતાં ઉત્રાણ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી તેને કામરેજના દિગસ ગામેથી સહીસલામત શોધી કાઢી તેનો જીવ બચાવ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, તા. ૨૦ ઓગસ્ટના રોજ પોલીસ કંટ્રોલ રૂમ તરફથી ઉત્રાણ પોલીસને વાયરલેસ મેસેજ મળ્યો હતો કે અંશ રમેશભાઈ વિઠાણી નામનો યુવક પોતાના પરિવારને "હું આત્મહત્યા કરવા જાઉં છું" તેમ કહી એક્સેસ મોપેડ લઈને ઘરેથી નીકળી ગયો છે. પોલીસે ટીમે ટેકનિકલ વર્કઆઉટ અને સર્વેલન્સના આધારે તપાસ શરૂ કરતાં યુવક ઉત્રાણ વિસ્તારમાંથી પસાર થઈ કામરેજ તરફ જઈ રહ્યો હોવાનું જાણવા મળ્યું હતું.

આ માહિતીના આધારે પોલીસે સતત પીછો કરી કામરેજના દિગસ ગામેથી યુવકને સહીસલામત શોધી કાઢ્યો હતો. પોલીસની પૂછપરછમાં યુવકે જણાવ્યું હતું કે, તેણે બી.ટેકનો અભ્યાસ કર્યો છે અને અગાઉ ઈન્ફોસિસ કંપનીમાં રૂ.૪૦ હજારના પગાર પર નોકરી કરતો હતો. નોકરી છૂટી જતાં મકાન માટે લીધેલી લોનનો રૂ.૩૫ હજારનો માસિક હપ્તો ભરવાની ચિંતામાં તે ભારે તણાવમાં આવી ગયો હતો અને અંતે આત્મહત્યા કરવાનું નક્કી કર્યું હતું. પોલીસે યુવકના માતા-પિતાને પોલીસ સ્ટેશન બોલાવી પરિવારની હાજરીમાં યુવકનું કાઉન્સેલિંગ કર્યું હતું. ત્યારબાદ યુવકને સહીસલામત તેના વાલીઓને સોંપવામાં આવ્યો હતો.

## મોરાભાગળમાં 12 મા માળે ફ્લેટનો દરવાજો લોક થતાં માતા-પુત્રી ફસાયા

સુરત : શહેરના મોરાભાગળ વિસ્તારમાં ઉગત કેનાલ રોડ પર આવેલી ગ્રીન પેરેડાઈઝ નામની હાઈરાઈઝ ઈમારતમાં શનિવારે મોડી રાત્રે ફ્લેટનો દરવાજો ઓટો લોક થતાં માતા-પુત્રી અંદર ફસાઈ જવાની ઘટના બની હતી. બનાવની જાણ ફાયર કંટ્રોલ રૂમને કરવામાં આવતા પાલનપુર ફાયર સ્ટેશનનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી ગયો હતો. મળતી માહિતી મુજબ, ડ્રિમ પેરેડાઈઝના 12 મા માળે આવેલા એક ફ્લેટમાં અંકિતા શાહ અને તેમની પુત્રી રીશા હાજર હતા. દરમિયાન ફ્લેટનો દરવાજો અચાનક લોક થઈ જતા બંને બહાર નીકળી શક્યા નહોતા. દરવાજો ઓટો લોક સિસ્ટમવાળો હોવાથી અંદરથી સામાન્ય રીતે ખોલવામાં મુશ્કેલી સર્જાઈ હતી. ઘટનાની જાણ થતાં પાલનપુર ફાયર સ્ટેશનની ટીમ સ્થળ પર પહોંચી હતી અને દરવાજો ફાયર ટુલ્સની મદદથી ખોલવામાં આવ્યો હતો અને માતા પુત્રીને સલામત રીતે બહાર કાઢ્યા હતા.

## પુત્રી સાથે મહાદેવના મંદિરે દર્શન કરીને આવ્યા બાદ વૃદ્ધાનો આપઘાત

સુરતઃ અડાજણ પાલ રોડ પર પુત્રી સાથે મહાદેવના મંદિરે દર્શન કરીને આવ્યા બાદ વૃદ્ધાએ ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. દર્શન કરીને ઘરે આવ્યા બાદ પુત્રી અભ્યાસ કરવા માટે ઉપર ગઈ ત્યારે સોનલબેને બેડરૂમમાં જઈને પગલું ભરી લીધું હતું. સોનલબેન છેલ્લા ઘણા સમયથી માનસિક તનાવમાં રહેતા હતા.

મળેલી માહિતી મુજબ, અડાજણ પાલ રોડ પર આવેલી યોગેશ્વર પાર્ક સોસાયટીમાં કિરણભાઈ દેસાઈ પરિવાર સાથે રહે છે અને તે એકાઉન્ટન્ટ છે. તેમની 59 વર્ષીય પત્ની સોનલબેન શનિવારે સાંજે પુત્રી સાથે મંદિરે દર્શન કરીને ઘરે આવ્યા હતા. ત્યારબાદ તેમની પુત્રી ઉપર રૂમમાં અભ્યાસ કરવા માટે ગઈ હતી અને સોનલબેન નીચે બેડરૂમમાં ગયા હતા. સાંજે 7 વાગ્યાના સુમારે તેમની પુત્રી અભ્યાસ કરીને નીચે આવી હતી અને રૂમનો દરવાજો ખખડાવ્યો હતો. પરંતુ સોનલબેને દરવાજો ખોલ્યો ન હતો. જેથી ફાયરને જાણ કરતા ફાયરની ટીમ સ્થળે આવીને દરવાજો તોડતા સોનલબેન રૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવતા ચોકી ગયા હતા.

આ અંગે પોલીસને જાણ થતા ત્યાં પહોંચી કાર્યવાહી કરી તેમના મૃતદેહને સિવિલ ખાતે ખસેડાયો હતો. પોલીસે જણાવ્યું હતું કે, સોનલબેન છેલ્લા કેટલા સમયથી ડિપ્રેશનમાં રહેતા હોવાથી આ પગલું ભર્યું હોવાની શક્યતા છે. સોનલબેનનો એક પુત્ર ગાંધીનગર ખાતે નોકરી કરે છે.

## સુરત મનપાની ભરતી પરીક્ષામાં ઉમેદવારોની ઓછી હાજરી

**છ** સંવર્ગોની પરીક્ષામાં નોંધાયેલા કુલ ઉમેદવારો પૈકી અનેક સંવર્ગોમાં અડધાથી પણ ઓછા ઉમેદવારો હાજર રહ્યા

સુરતઃ સુરત મહાનગરપાલિકાના વિવિધ સંવર્ગોની ખાલી જગ્યાઓ માટે રવિવારે યોજાયેલી સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં ઉમેદવારોની હાજરીમાં નોંધપાત્ર તફાવત જોવા મળ્યો હતો. છ અલગ-અલગ સંવર્ગોની પરીક્ષામાં ડેપ્યુટી ઓડિટર સંવર્ગમાં સૌથી વધુ ૭૧.૪ ટકા ઉમેદવારો હાજર રહ્યા હતા, જ્યારે લાયબ્રેરી ક્લાર્ક સંવર્ગમાં સૌથી ઓછી ૪૪.૭ ટકા હાજરી નોંધાઈ હતી.

સુરત જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરીમાંથી પ્રાપ્ત વિગતો મુજબ, સવારના સત્રમાં ડેપ્યુટી એકાઉન્ટન્ટ સંવર્ગ માટે નોંધાયેલા ૩૧૧ ઉમેદવારોમાંથી માત્ર ૧૫૩ ઉમેદવાર હાજર રહ્યા હતા. આ સંવર્ગમાં ૪૯.૨ ટકા હાજરી નોંધાઈ હતી. લાઈવ સ્ટોક ઈન્સ્પેક્ટર સંવર્ગમાં ૬૭૭માંથી ૩૬૪ ઉમેદવાર પરીક્ષામાં ઉપસ્થિત રહેતા ૫૩.૮ ટકા હાજરી રહી હતી. લાયબ્રેરી ક્લાર્ક સંવર્ગમાં નોંધાયેલા ૬૫૩ ઉમેદવારો સામે માત્ર ૨૯૨ ઉમેદવાર પરીક્ષામાં હાજર રહ્યા હતા. પરિણામે આ સંવર્ગમાં હાજરીનો દર માત્ર ૪૪.૭ ટકા રહ્યો હતો. સાંજના સત્રમાં ડેપ્યુટી ઓડિટર સંવર્ગમાં નોંધાયેલા ૪૯ ઉમેદવારમાંથી ૩૫ ઉમેદવાર પરીક્ષામાં ઉપસ્થિત રહેતા સૌથી વધુ ૭૧.૪ ટકા હાજરી નોંધાઈ હતી. જ્યારે જુનિયર એનાલિસ્ટ સંવર્ગમાં ૧,૨૪૨ ઉમેદવારમાંથી ૬૯૦ ઉમેદવારો હાજર રહેતા ૫૫.૬ ટકા હાજરી રહી હતી. ફિટર સંવર્ગમાં સૌથી વધુ ૧,૭૯૩ ઉમેદવારો નોંધાયેલા હતા, જેમાંથી ૧,૦૦૫ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી અને હાજરીનો દર ૫૬.૧ ટકા નોંધાયો હતો.